## ડિંડોલીમાં મિત્રો સાથે રહેતા યુવકે ફાંસો ખાઈને આપઘાત કર્યો

સુરતઃ ડિંડોલીમાં મિત્રો સાથે રહેતા યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની મહેશ દેવમણ પાટીલ (ઉં.વ.20) હાલમાં ડિંડોલી વિસ્તારમાં આવેલા પાંડેનગરમાં મિત્રો સાથે રહેતો હતો. તે ગેસના બાટલાની ડિલિવરીનું કામ કરતો હતો. કાલે સાંજે મહેશે ઘરના રસોડામાં લોખંડની એંગલ સાથે રૂમાલ બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મહેશની માતાનું અવસાન થઈ ગયું હતું તેમજ તેના પિતા વતન ખાતે રહે છે.

## રાંદેરમાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કર્યો

સુરતઃ રાંદેરમાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની અભિષેક અશોકભાઈ ઠાકુર (ઉં.વ.23) હાલમાં રાંદેર રોડ પર આવેલી ચોકસી વાડી પાસે કૃષ્ણનગર સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. તે પાલ વિસ્તારમાં આવેલી એક કેકની દુકાનમાં નોકરી કરતો હતો. રવિવારે બપોરે અભિષેકે ઘરમાં લોખંડના સળિયા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. અભિષેકે પ્રેમ પ્રકરણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

## સરથાણામાં શ્રમજીવી પરિવારના 16 વર્ષના પુત્રએ ફાંસો ખાધો

સુરતઃ સરથાણામાં શ્રમજીવી પરિવારના 16 વર્ષના પુત્રએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના વતની પરેશભાઈ કાવેડિયા હાલમાં સરથાણા વિસ્તારમાં આવેલા સત્યમ શિવમ સુંદરમ્ એપાર્ટમેન્ટની પાછળ ઝુપડપટ્ટીમાં રહે છે. તે મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પરેશભાઈના સંતાન પૈકી 16 વર્ષીય પુત્ર રવિ પણ મજૂરી કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. આજે વહેલી સવારે રવિએ ઝૂંપડામાં વાંસના લાકડાં સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## લિંબાયતમાં પોલીસ મેગા કોમ્બિંગમાં 25 દારૂડિયા ઝડપાયા

સુરતઃ લિંબાયત પોલીસે કોમ્બિંગ ઓપરેશન હાથ ધરી કુલ ૨૫૧ વાહનોનું ચેકિંગ કર્યું હતું. ગુનાહિત તત્વો સામે હાથ ધરાયેલી કાર્યવાહીમાં ૨૬ હિસ્ટ્રીશીટર, ૮૨ એમસીઆર કાર્ડધારકો અને ૧૧ સક્રિય ગુનેગારોની હાજરી અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત ૬ નાસતા ફરતા આરોપીઓ અને ૩૭ શંકાસ્પદ ઈસમોની પૂછપરછ પણ કરવામાં આવી હતી. ઓપરેશન દરમિયાન પ્રોહિબિશન એક્ટ હેઠળ ૨૫ નશાની હાલતમાં મળી આવેલા ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઉપરાંત જાહેરનામાના ભંગ બદલ જીપી એક્ટની કલમ-૧૩૫ હેઠળ ૭ કેસો નોંધવામાં આવ્યા હતા.

## સલાબતપુરામાં હારુનના આંકડાના અડ્ડા પર SMCનો દરોડો, ૮ ઝડપાયા

સુરતઃ સલાબતપુરા વિસ્તારમાં આવેલા ચીમની ટેકરા નજીક સાઈ મેડિકલ પાસે ધમધમતા ગેમલર હારુનના આંકડાના અડ્ડા પર સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડી મુખ્ય સૂત્રધાર હારુન સહિત કુલ ૮ ઈસમને રંગેહાથ દબોચી લેવામાં આવ્યા છે. પોલીસે ઘટના સ્થળેથી રોકડા રૂપિયા ૩૫ હજાર અને મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસનો કાફલો અચાનક ત્રાટકતાં અડ્ડા પર આંકડાનો જુગાર રમી અને રમાડી રહેલાં તત્ત્વોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. જો કે, એલર્ટ પોલીસે કોર્ડન કરીને તમામની ધરપકડ કરી લીધી હતી. પોલીસે સ્થળ પરથી મુખ્ય સંચાલક અને લિસ્ટેડ આરોપી હારુન સહિત જુગારની પ્રવૃત્તિમાં સંડોવાયેલા અન્ય ૭ સાગરીતને ઝડપી પાડ્યા હતા. સલાબતપુરા જેવા ધમધમતા વિસ્તારમાં લિસ્ટેડ ગણાતા હારુનનો આંકડાનો અડ્ડો લાંબા સમયથી ચાલતો હોવા છતાં સ્થાનિક પોલીસ કેમ અજાણ હતી? તેવા સવાલો આ દરોડા બાદ ચર્ચાનો વિષય બન્યા છે.

# 5 વર્ષની માસૂમ સાથે દુષ્કર્મ કેસમાં નરાધમને આજીવન કેદ

**ઘર** પાસે રમી રહેલી બાળકીને ચોકલેટ આપી આરોપી અંકિત ઓમપ્રકાશ બાળાને ઉપાડી ગયો હતો

સુરતઃ પાંચ વર્ષની માસૂમ બાળકીને પીંખી નાંખનાર આરોપીને સ્પેશિયલ પોકસો કોર્ટે આજીવન કેદની સજા અને રૂપિયા 60 હજારનો દંડ ફટકાર્યો હતો.

આ કેસની હકીકત મુજબ તા.૨૦/૦૨/૨૦૨૪ ના રોજ રાત્રિના સાડા આઠ વાગ્યાના અરસામા ફરીયાદીની પાંચ વર્ષની દિકરી ઘર પાસે રમતી હતી, ત્યારે વેડરોડ પંડોળ ઈન્ડસ્ટ્રીઝ ખાતા નં.૨૯૫માં રહેતો મૂળ યુપીનો આરોપી અંકિત ઓમપ્રકાશ ગૌતમ (ઉં.વ.૨૯) ચોકલેટની લાલચ આપી અપહરણ કરી ગયો હતો.

### આરોપીએ બાળકીને ગળા, ગૃપ્તભાગે બચકાં પણ ભર્યા હતા

આ નરાધમે માસૂમ બાળકી સાથે ઝનૂની રીતે બળાત્કાર ગુજાર્યો હતો. આરોપીએ બાળકીને ગળા, ગૃપ્ત ભાગે બચકાં પણ ભર્યા હતા અને ગંભીર ઈજા પણ કરી હતી.

### મનુષ્યને ૧૦ દીકરાના ઉછેરથી જે ફળ પ્રાપ્ત થાય તે ફળ એક દિકરીના ઉછેરથી મેળવે છે

સ્પેશિયલ પોકસો કોર્ટેનાં જજ હિતેષકુમાર મુકુંદરાય વ્યાસે પોતાનાં ચુકાદામાં સંસ્કૃતનો શ્લોક ટાંકી નોંધ્યું હતું કે એક દીકરી ૧૦ દીકરાઓ સમાન છે અને મનુષ્યને ૧૦ દીકરાઓના ઉછેરથી જે ફળ પ્રાપ્ત થાય તે ફળ એક દીકરીના ઉછેરથી તે મેળવે છે. આમ, આવા સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિમાં જ્યારે આ પ્રકારના બનાવો બને છે ત્યારે તે ખૂબજ નિંદનીય અને ઘૃણાસ્પદ છે.

આ માસૂમ બાળકીને આરોપી ખાતા નંબર-૫ના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં લઈ જઈ ઉગ્ર જાતીય હુમલો કરી દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ આ બાળકી રડતા રડતા ભાગીને અખંડ આનંદ કોલેજ સામે ત્રિભોવનગર સોસાયટી પાસે આવતાં મહિલા લોકરક્ષક અરુણાબેને આ શરીરે કપડાં વગરની બાળકીની પરિસ્થિતિ જોઈ તુરંત પો.સ.ઈ. બી.જે.તીરકરને જાણ કરી તેઓ કારમાં બાળકીને લઈને સ્મીમેર હોસ્પિટલમા ગયાં હતાં. જ્યાં આ બાળકી સાથે દુષ્કર્મ થયું હોવાની જાણ થતાં ચોક પોલીસે ભોગ બનનારની માતાની ફરિયાદ નોંધી પોકસો એકટ સહિતની કલમો અન્વયે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોકસો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ વિશાલ ફળદુ કેસ પુરવાર કરવામાં સફળ થતાં સ્પેશિયલ પોકસો કોર્ટેનાં જજ હિતેષકુમાર મુકુંદરાય વ્યાસે આરોપી અંકિત ઓમપ્રકાશ ગૌતમને આજીવન કેદની સજા ફટકારી હતી તેમજ ગુજરાતની ભોગ બનનાર વળતર માટેની યોજના, ૨૦૧૯ના નિયમ મુજબ રૂપિયા ૧૦.૫૦ લાખ વળતર ભોગ બનનારને આપવા હુકમ કર્યો હતો. કોર્ટે પોક્સો સહિત અલગ અલગ ચાર કલમો હેઠળ આજીવન કેદની સજા કરી હતી. તમામ સજા એક સાથે ભોગવવાનો હુકમ કરાયો હતો.

### સોમવતી અમાસ અને અધિકના આખરી દિવસે ભક્તોનું ઘોડાપૂર





સોમવતી અમાસ અને અધિક માસના આખરી દિવસના સંયોગ સાથે શહેરભરના તાપી નદીના ઓવારોઓ પર ભક્તો ઉમટી પડ્યા હતા. પાવન અવસરે કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જહાંગીરપુરા તથા કાપોદ્રાના સિદ્ધકુટી ઓવારાએ નદીમાં સ્નાન માટે ભારે ભીડ જામી હતી. પુરુષોત્તમ માસનો આખરી દિવસ હોય લોકો પૂજાપાઠમાં વ્યસ્ત રહ્યા હતા. મોડી રાત સુધી નાવડી ઓવારા પર પૂજા થતી જોવા મળી હતી. વડના ઝાડ સાથે બંગડીઓ બાંધી મનોકામના પૂર્ણ થવાની કામના કરી હતી. **(તસવીરઃ સતીષ જાદવ)**

## ડિંડોલીમાં બહેને જ ભાઈના ઘરમાંથી ૯૮ હજારની ચોરી કરી

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં બહેને ભાઈના ઘરમાંથી 98 હજાર મતાની ચોરી કરી લીધી હતી. મૂળ ઉત્તર પ્રદેશના ૩૫ વર્ષીય શ્યામનારાયણ ઉર્ફે શ્યામ પ્રેમશંકર ધખુરામ યાદવ હાલ સુરતના ડિંડોલી ખાતે આવેલી કૈલાશ રેસિડેન્સી-૧, મધુરમ સર્કલ પાસે પરિવાર સાથે રહે છે તેની નાની બહેન મનીષા અમિતકુમાર રાજેશસિંહ (રહે., ખોડિયારનગર, સુમુખ સર્કલ, ડિંડોલી અને મૂળ કિમ ચોકડી પાસે) ગત તા. ૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ ભાઈના ઘરે આવી હતી. મનીષાએ બેડરૂમમાં રાખેલી કપડાંની બેગ વેરવિખેર કરીને તેમાંથી ત્રણ સોનાની વીંટી સહિતના દાગીના અને રોકડા મળી કુલ રૂ.૯૮,૬૯૨ની મત્તા ચોરી લીધી હતી બાદમાં ચોરી અંગે બહેની શંકાસ્પદ હિલચાલને પગલે પૂછપરછ કરતાં ભાંડો ફૂટ્યો હતો. શ્યામનારાયણે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં બહેન મનીષા વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી છે.

# ભૂતિયા ડિમોલિશનનો પ્લાન 18મી મેનાં રોજ ગોઠવાઈ ગયો હતો!

**ડિમોલિશનના** 12 દિવસ પહેલાં બિલ્ડરના ભાઈએ જેસીબી સાથે પહોંચી મકાનો

**જ્યારે** ડિમોલિશન માટેની સૂચનાઓ અપાતી હતી ત્યારે ભાજપ કાર્યકર ઝાકીર શાહની હાજરીથી અનેક ચર્ચાઓ

સુરતઃ નાસીરનગરમાં 30 મેના રોજ થયેલા વિવાદાસ્પદ ડિમોલિશન પ્રકરણમાં નવા ઘટસ્ફોટો સામે આવી રહ્યા છે. ડિમોલિશનના 12 દિવસ પહેલાં એટલે કે 18 મેના રોજના CCTV ફૂટેજ અને વિડીયો સામે આવતાં સમગ્ર મામલે અનેક નવા સવાલો ઊભા થયા છે. વિડીયોમાં પાલિયા પ્રોજેક્ટના



બિલ્ડર સંજય લાખાણીના ભાઈ ઘનશ્યામ લાખાણી સ્થળ પર હાજર રહીને મકાનો તરફ આંગળી ચીંધી સૂચનાઓ આપતા જોવા મળતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

સ્થાનિકો અને પીડિત પક્ષના પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ 18 મેના રોજ JCB મશીન સાથે કેટલાક લોકો નાસીરનગર પહોંચ્યા હતા અને રહેવાસીઓ પર મકાન ખાલી કરવા દબાણ કરવામાં આવ્યું હતું. સ્થાનિકોએ તેમને સ્થળ ખાલી કરવા માટે છ મહિનાનો સમય માંગ્યો હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. સામે આવેલાં CCTV ફૂટેજમાં ભાજપ કાર્યકર ઝાકીર શાહની હાજરી પણ ચર્ચાનો વિષય બની છે. આ જ વ્યક્તિ અગાઉ 2023ના ડિમોલિશન વિવાદ દરમિયાન પણ ચર્ચામાં રહી ચૂક્યો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં પાલિયા લાઈફસ્ટાઈલ પ્રોજેક્ટ માટે પ્લોટ વેલિડેશન સર્ટિફિકેટ (PVC)ની અરજી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. પીડિત પક્ષના આક્ષેપ મુજબ પ્રોજેક્ટ અને બિલ્ડરોના હિતોને લાભ પહોંચાડવા માટે સમગ્ર કાર્યવાહીનું આયોજન અગાઉથી કરવામાં આવ્યું હતું. જો કે, આ તમામ આક્ષેપોની સત્તાવાર તપાસ ચાલી રહી છે અને તપાસ સમિતિના અહેવાલ બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

# સેન્ટ્રલ ઝોનને રિપોર્ટ રજૂ કરવાનો આજનો અંતિમ દિવસ

**તપાસ** સમિતીએ તા.16મી સુધીમાં રિપોર્ટ રજૂ કરવા તાકીદ કરી હતી

**આજે** આશિષ નાયક રિપોર્ટ આપે છે કે પછી મુદત માંગીને અધિકારીઓને બચાવવાનો પ્રયાસ કરે છે તે જોવું રહ્યું

સુરતઃ નાસીરનગરના ભૂતિયા ડિમોલિશનમાં રચાયેલી તપાસ સમિતીએ સેન્ટ્રલ ઝોનના વડા આશિષ નાયકને રિપોર્ટ રજૂ કરવા માટે કરેલી તાકીદનો આવતીકાલે છેલ્લો દિવસ છે. આવતીકાલે આશિષ નાયક દ્વારા શું રિપોર્ટ રજૂ કરવામાં આવે છે? અને તેમાં કોઈને જવાબદાર ઠેરવવામાં આવે છે કે કેમ? તેની પર સૌની નજર રહી છે. જે રીતે ખુદ મનપા દ્વારા જ આ ડિમોલિશનમાં અધિકારીઓને બચાવવાની પેરવી ચાલી રહી છે તે જોતાં બની શકે છે કે આવતીકાલે રિપોર્ટ રજૂ કરવામાં આવે પણ નહીં.

વેડદરવાજાના નાસીરનગરમાં થયેલી ભૂતિયા ડિમોલિશને આખા રાજ્યમાં ચકચાર જગાવી છે. આ ડિમોલિશનમાં મનપાના અધિકારીઓની હાજરીએ ભારે વિવાદ ઉભો કર્યો છે. આ વિવાદને પગલે મ્યુનિ.કમિ. એમ. નાગરાજન દ્વારા તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી અને તેમાં અધ્યક્ષ તરીકે ડે.કમિ. મીના ગજ્જર, ડે.કમિ. મનીષ ડોકટર, એડિ. સિટી ઈજનેર મહેશ ચાવડા સહિતના અધિકારીઓનો સમાવેશ કરાયો છે. આ તપાસ સમિતી દ્વારા પ્રથમ બેઠકમાં જ સમગ્ર ઘટના અંગે તા.16મી જુન સુધીમાં રિપોર્ટ આપવા માટે સેન્ટ્રલ ઝોનના વડા આશિષ નાયકને તાકીદ કરવામાં આવી હતી. સમગ્ર ઓપરેશનમાં સેન્ટ્રલ ઝોનના અધિકારીઓ જ સ્થળ પર હાજર હોવાથી આ આખા વિવાદમાં સેન્ટ્રલ ઝોનના અધિકારીઓ પર આંગળીઓ ચિંધાઈ હતી. જેથી સેન્ટ્રલ ઝોનના વડા પાસે રિપોર્ટ માંગવામાં આવ્યો હતો. આવતીકાલે તા.16મી જુન છે અને રિપોર્ટ રજૂ કરવાનો દિવસ છે. આવતીકાલે તપાસ સમિતી સમક્ષ આશિષ નાયક રિપોર્ટ આપે છે કે પછી વધુ મુદત માંગે છે તે જોવું રહ્યું. જો આશિષ નાયક રિપોર્ટ આપશે તો ઘણી વિગતો બહાર આવી શકે તેમ છે.

# વરાછામાં ધો-10ના વિદ્યાર્થીએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી

**ડોક્ટર** બનવાનું સપનું ધરાવતો પ્રદિપ બોર્ડ પરીક્ષાના દબાણમાં રહેતો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું

સુરતઃ વરાછા વિસ્તારમાં ધોરણ-10માં અભ્યાસ કરતા 14 વર્ષીય વિદ્યાર્થીએ અભ્યાસના તણાવમાં આવીને ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મૂળ અમરેલીના અને હાલમાં વરાછાની વર્ષા સોસાયટી વિભાગ-2માં રહેતા રત્નકલાકાર કનુભાઈ ભાલિયાનો મોટો પુત્ર પ્રદીપ માતાવાડી વિસ્તારમાં આવેલી સરકારી સુમન સ્કૂલમાં ગુજરાતી માધ્યમના ધોરણ-10માં અભ્યાસ કરતો હતો. પરિવારજનો અને નજીકના લોકોના જણાવ્યા મુજબ પ્રદીપ ભણવામાં ખૂબ જ હોશિયાર હતો. ધોરણ-9માં તેણે 80 ટકા ગુણ મેળવ્યા હતા અને ભવિષ્યમાં ડોક્ટર બનવાની તેની મોટી ઈચ્છા હતી. જોકે બોર્ડની પરીક્ષા નજીક આવતાં તે અભ્યાસને લઈને સતત ચિંતિત રહેતો હતો. વધુ સારા પરિણામની અપેક્ષા અને ભવિષ્ય અંગેની ચિંતાએ તેના મન પર ભારે અસર કરી હોવાનું માનવામાં આવે છે.

### અભ્યાસનું બહાનું કાઢી માતા નહીં ગયો

રવિવારે સાંજે પ્રદીપની માતા અને નાનો ભાઈ સંબંધીઓના ઘરે ગયા હતા. તે સમયે પ્રદીપે અભ્યાસ કરવાનું હોવાનું કહી ઘરે જ રહેવાનું પસંદ કર્યું હતું. પરિવારને પણ ખ્યાલ નહોતો કે એકલો રહેલો પ્રદીપ જીવનનો સૌથી મોટો અને દુઃખદ નિર્ણય લઈ લેશે. પ્રાથમિક માહિતી મુજબ, તેણે ઘરના પંખા સાથે લેસપટ્ટી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. રાત્રે ઘરે પરત ફરેલા પરિવારજનોને ઘટના અંગે જાણ થતાં પરિજનોમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

# વિકાસ કે વિનાશ? ડુમસમાં હજારો જૂનાં વૃક્ષોનું નિકંદન નીકળવાની ભીતિ

**પર્યાવરણપ્રેમીઓમાં** ભારે રોષઃ સ્થાનિકો ઉકેલ ન આવતા મામલો હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં લઈ જવા તત્પર

સુરતઃ સુરતનું આકર્ષણ અને પર્યાવરણની દ્રષ્ટિએ ફેફસા સમાન ગણાતા ડુમસ વિસ્તારમાં સી-ફેસ અને રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના કારણે પર્યાવરણનો મોટો વિનાશ થાય તેવી દહેશત ઊભી થઈ છે. વિકાસના ભવ્ય આયોજનો વચ્ચે ડુમસના હરિયાળા વાતાવરણ પર કુહાડી ફેરવવાની તૈયારીઓ થતાં સ્થાનિક રહીશો અને પ્રકૃતિપ્રેમીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ચિંતાજનક બાબત એ છે કે વિકાસના બહાને હજારો ઘટાદાર વૃક્ષોનું નિકંદન નીકળી શકે તેમ છે.

### દોઢસોથી બસો વર્ષ જૂના વૃક્ષો જોખમમાં

ડુમસ ગામ માત્ર પ્રવાસન સ્થળ નથી, પરંતુ વર્ષો જૂની કુદરતી વિરાસત પણ ધરાવે છે. અહીં ગામમાં અંદાજે 150થી 200 વર્ષ જૂના ઐતિહાસિક અને વિશાળકાય વૃક્ષો આવેલા છે. આ વૃક્ષો દરિયાઈ પવન અને વાતાવરણને સંતુલિત રાખવામાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પર્યાવરણવિદોના મતે, આટલા જૂના અને મજબૂત વૃક્ષો એકવાર નષ્ટ થઈ ગયા પછી તેવું ગ્રીન કવર પાછું મેળવવું અશક્ય છે. વિકાસના નામે આવા અમૂલ્ય વૃક્ષોનો બલિદાન આપવાનો સ્થાનિકો સખત વિરોધ કરી રહ્યા છે.

### કાનૂની લડતની તૈયારી

વૃક્ષોને બચાવવા માટે ડુમસ ગામના જાગૃત નાગરિકો અને પર્યાવરણપ્રેમીઓ હવે એકજૂટ થઈ રહ્યા છે. તંત્ર સમક્ષ સ્થાનિક સ્તરે અનેક રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ સકારાત્મક ઉકેલ કે પ્રોજેક્ટની ડિઝાઇનમાં ફેરફારના સંકેતો મળ્યા નથી. વહીવટી તંત્રના ઉદાસીન વલણને જોતા હવે આ લડત ઉગ્ર બને તેવી પૂરેપૂરી સંભાવના છે. હાલમાં સ્થાનિકો અને પર્યાવરણ સુરક્ષા સાથે જોડાયેલા લોકોનું એક મોટું ગ્રુપ સંગઠિત થઈ રહ્યું છે. આ સંગઠને ચીમકી આપી છે કે જો તંત્ર દ્વારા વૃક્ષોનું નિકંદન રોકવામાં નહીં આવે, તો તેઓ નજીકના ભવિષ્યમાં આ સમગ્ર મામલાને હાઈકોર્ટ અને જરૂર પડ્યે સુપ્રીમ કોર્ટ સુધી લઈ જઈને પડકારશે. વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જળવાય તેવી માગ સાથે ડુમસ બચાવોની આ ચળવળ આગામી દિવસોમાં મોટું સ્વરૂપ ધારણ કરી શકે છે.

# ચણિયાની દોરી સાથે બાંધેલી એક લાખ ભરેલી થેલીની ચોરી

**જહાંગીરપુરામાં** દેવીપૂજક મહિલા ગાઢ નિંદ્રામાં હતી ત્યારે બે બાઇક સવાર કારીગરી કરી ગયા

સુરતઃ જહાંગીરપુરા કેનાલ રોડ પર ફૂટપાથ પર સૂતેલી શ્રમજીવી મહિલાના ચણિયાની દોરી સાથે બાંધેલી એક લાખ ભરેલી થેલી લઈને બે બાઈકસવાર ફરાર થઈ ગયા હતાં. આ મહિલાની ફરિયાદના આધારે જહાંગીરપુરા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરુ કરી છે.

મૂળ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના વલાવડ ગામના વતની કૈલાશબેન દીપકભાઈ ભિખાભાઈ વાઘેલીયા (દેવીપૂજક) (ઉં.વ. ૩૦) મજૂરી કામ કરે છે અને પરિવાર સાથે જહાંગીરપુરા કેનાલ રોડ પર ફૂટપાથ પર તાડપત્રીનું ઝૂંપડું બનાવીને રહે છે. ગત તારીખ ૨૯ મે ૨૦૨૬ના રોજ રાબેતા મુજબ આ શ્રમજીવી પરિવાર દિવસભરનો કાળી મજૂરીનો થાક ઉતારવા માટે ફૂટપાથ પર સૂતો હતો. દરમિયાન વહેલી સવારે આશરે ૪:૦૦ વાગ્યાના સુમારે અંધારાનો લાભ લઈને મોટરસાઈકલ પર બે અજાણ્યા બદમાશો ત્યાં ધસી આવ્યા હતા.

તસ્કરોએ ચણિયાની દોરી સાથે બાંધેલી એક લાખ ભરેલી થેલી સીફતતાથી સેરવી લીધી હતી અને પલાયન થઈ ગયા હતાં. આ થેલીમાં કૈલાશબેનના દિવસભરના વેપારની આવક તેમજ તેમણે ભવિષ્ય માટે લાંબા સમયથી બચાવેલા કુલ રૂ. ૧,૦૦,૦૦૦ની રોકડ રકમ હતી. તેઓ સવારે જાગ્યા ત્યારે થેલી ગાયબ થઈ ગઈ હોવાની ખબર પડી હતી. જેથી પરિવાર સાથે તેઓ જહાંગીરપુરા પોલીસ સ્ટેશન પર પહોંચ્યા હતાં. પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# સિટીલાઈટમાં સુપરવાઈઝરનું પહેલા માળેથી રહસ્યમય રીતે પટકાતાં મોત

**યુવકના** મોત પાછળ પરિવારે હત્યાના આક્ષેપો કરતાં નવી સિવિલમાં ફોરેન્સિક પેનલ પીએમ કરવામાં આવ્યું

સુરતઃ સિટીલાઈટ નવ મંગલમ્ કોમ્પ્લેક્સમાં સુપરવિઝન માટે આવેલા પાંડેસરાના સુપરવાઈઝરનું રહસ્યમય રીતે પહેલા માળેથી પટકાતાં મોત થયું હતું. યુવકના મોત પાછળ પરિવારે હત્યાના આક્ષેપો કરતાં નવી સિવિલમાં ફોરેન્સિક ડોક્ટરની ટીમે પેનલ પોસ્ટમોર્ટમ કર્યું હતું.

મળેલી માહિતી મુજબ મૂળ રાજસ્થાન ઉદયપુરના વતની માંગીલાલ ભંવરભાઈ સુથાર (ઉં.વ.40) હાલમાં પાંડેસરા બમરોલી રોડ પર આવેલ દેવીદર્શન સોસાયટીમાં બે પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા. તે બાંધકામમાં સુપરવાઈઝર તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. હાલમાં સિટીલાઈટ વિસ્તારમાં આવેલ નવ મંગલમ્ કોમ્પ્લેક્સમાં તેમની સાઈડ ચાલતી હતી. રવિવારે સાંજે માંગીલાલ સાઈડ પર સુપરવિઝન કરવા માટે આવ્યા હતા. જ્યાં તેઓ પહેલા માળેથી રહસ્યમય રીતે નીચે પડી ગયા હતા. માંગીલાલની નીચે પડવાની જોરથી અવાજ આવતાં સ્થાનિક સહિતના લોકો દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પરંતુ માંગીલાલને સારવાર મળે તે પહેલા જ તેમનું મોત થઈ ગયું હતું. વધુમાં મૃતકના સંબંધીએ આક્ષેપ કર્યા હતા કે, માંગીલાલ ખૂબ જ સરળ સ્વભાવના હતા. તે આપઘાતનું પગલું ભરી લે એ વાત અમે સપનાંમાં પણ નહીં વિચારી શકીએ. જરૂરથી માંગીલાલને કોઈએ સાઈડ પરથી ધક્કો મારીને તેની હત્યા કરી દીધી છે. છેલ્લા અઠવાડિયાથી તે ખૂબ ટેન્શનમાં હતો. રૂપિયાની લેતીદેતી અને જબરદસ્તી કામ કરવામાં આવતું હતું. ઘટના બાદ બિલ્ડર અથવા અન્ય સ્ટાફ પણ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. માંગીલાલના મોત પાછળ જરૂર કોઈને હાથ હોવાનું લાગી રહ્યું છે. આ બાબતે પરિવારે ઉમરા પોલીસ પાસે આક્ષેપ કરવામાં આવ્યા હતા.

### પોસ્ટમોર્ટમમાં મલ્ટિપલ ઈજા હોવાનું સામે આવ્યું છે

નવી સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના વડા ડોક્ટર ચંદ્રેશ ટેલરે જણાવ્યું હતું કે, માંગીલાલના મૃતદેહનું અમારા વિભાગના પેનલ ડોક્ટરની ટીમે પોસ્ટમોર્ટમ કર્યું હતું. જેમાં તેમને પ્રાથમિક તબ્બકે મલ્ટીપલ ઇજાઓ હોવાનું જાણવા મળ્યું છે. તેના સિવાય અન્ય મારવાની કે બીજી કોઈ ઇજાઓ થઈ નથી. જો કે, આ મલ્ટિપલ ઇજાઓ ઉપરથી પડ્યા હોય એટલે આવે છે. હાલમાં પોલીસ તપાસનો વિષય છે. પોલીસ તપાસમાં જ જાણવા મળશે કે માંગીલાલને કોઈએ ધક્કો માર્યો છે કે જાતે જ પડી ગયા છે.

## મદરેસામાં જવાનું કહી ૧૩ વર્ષનો કિશોર અજમેર પહોંચી ગયો!

સુરતઃ સલાબતપુરા વિસ્તારમાં રહેતી એક મહિલાનો ૧૩ વર્ષીય પુત્ર મુજમ્મીલખાન નવસારી ખાતે આવેલી મદરેસામાં અભ્યાસ કરે છે. કાનમાં દુખાવાની સારવાર અર્થે તે સુરત પોતાના ઘરે આવ્યો હતો. ગત તા. ૩૧/૦૫/૨૦૨૬ના રોજ તે પોતાની માતાને 'હું મદરેસા જાઉં છું' તેમ કહીને ઘરેથી નીકળ્યો હતો. પરંતુ એક અઠવાડિયા સુધી તેનો કોઈ ફોન ન આવતાં તપાસ કરતાં તે મળી આવ્યો ન હતો. તા. ૧૧/૦૬/૨૦૨૬ના રોજ સલાબતપુરા પોલીસ મથકમાં પુત્રના અપહરણ અંગેની ફરિયાદ નોંધાવતાપોલીસે માનદરવાજાથી લઈને સુરત રેલ્વે સ્ટેશન સુધીના રૂટ પર લાગેલા ૬૦થી વધુ CCTV કેમેરાના ફૂટેજ રાત-દિવસ એક કરીને તપાસ્યા હતા. જેમાં મુજમ્મીલ રેલ્વે સ્ટેશન પર પહોંચીને અજમેર જતી ટ્રેનમાં બેસતો નજરે પડ્યો હતો. રાજસ્થાનની પોલીસનો સંપર્ક સાંધી મુજમ્મીલને અજમેરથી હેમખેમ શોધી કાઢવામાં આવ્યો હતો.

# નવી JY સિરિઝના '9999' નંબર માટે કાર ચાલકે ચૂકવ્યા 7.68 લાખ

**0111** નંબર માટે એક કારચાલકે 1.87 લાખ ચૂકવ્યા

**1111,** 7777 જેવા ગોલ્ડન નંબરો માટે બેઝ 40,000ની જ બોલી લાગી

સુરતઃસુરતના લોકો પોતાના મોજ-શોખ અને અનોખી લાઈફસ્ટાઈલ માટે જાણીતા છે. વાહનોના નંબર પ્લેટને પણ 'વીઆઈપી' લુક આપવા માટે લાખો રૂપિયાનો ધુમાડો કરતાં અચકાતા નથી. જ્યાં એક કાર ચાલકે પોતાના મનપસંદ નંબર માટે લાખો રૂપિયાની બોલી લગાવી છે.

તાજેતરમાં સુરત આરટીઓ દ્વારા ફોર-વ્હીલર (કાર) માટેની નવી 'JY' સિરિઝના ફેન્સી નંબરોની હરાજી જાહેર કરવામાં આવી હતી. આ સિરિઝમાં પોતાનો મનપસંદ નંબર મેળવવા માટે વાહનચાલકો વચ્ચે ભારે ક્રેઝ જોવા મળ્યો હતો. જેમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર બનેલા '9999' નંબરને મેળવવા માટે એક કાર ચાલકે તમામ હદો વટાવી દીધી હતી. આ કિંગ સાઈઝ નંબર માટે વાહનચાલકે પૂરા 7.68 લાખની માતબર રકમ ચૂકવીને નંબર પોતાના નામે કર્યો છે. આ સિવાય 111 નંબર માટે એક વાહનચાલકે 1.87 લાખની બોલી લગાવી હતી. આ સિવાયના ગોલ્ડન નંબરો માટે 40,000ની બેઝ રકમની જ બોલી લાગી હતી.

### ગોલ્ડન નંબરો માટે 40,000ની મૂળ રકમ જ મળી

આરટીઓ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, માત્ર '9999' જ નહીં, પરંતુ અન્ય ફેન્સી નંબરો માટે પણ વાહનચાલકોએ રૂપિયા ખર્ચવામાં સહેજ પણ કંજુસાઈ દાખવી નથી. આ નવી સિરિઝના ગોલ્ડન નંબર માટે ખાસ સ્પર્ધા જોવા મળી નહોતી. વાહનચાલકોએ ગોલ્ડન નંબરો જેવા કે 0001,1111, 7777 માટે મૂળ 40000ની રકમની જ બોલી લગાવી હતી. હરાજીના અંતે ગોલ્ડન નંબરોની હરાજીમાંથી કુલ 14.35 લાખની આવક આરટીઓને થઈ છે.

### કયો નંબર કેટલા રૂપિયામાં વેચાયો?

| | |
|---|---|
| જીજે-05-જેવાય- 9999 | 768000 |
| જીજે-05-જેવાય- 0111 | 187000 |
| જીજે-05-જેવાય- 0005 | 40000 |
| જીજે-05-જેવાય- 4444 | 40000 |
| જીજે-05-જેવાય- 0011 | 40000 |
| જીજે-05-જેવાય- 9009 | 40000 |
| જીજે-05-જેવાય-0009 | 40000 |
| જીજે-05-જેવાય- 7777 | 40000 |
| જીજે-05-જેવાય- 0555 | 40000 |
| જીજે-05-જેવાય- 0007 | 40000 |
| જીજે-05-જેવાય- 1111 | 40000 |
| જીજે-05-જેવાય- 9000 | 40000 |
| જીજે-05-જેવાય- 0001 | 40000 |